## હે…મારું વનરાવન છે રૂડું

(ફિલ્મઃ ચૂંદડીનો રંગ)

હે…મારું વનરાવન છે રૂડું વૈકુંઠ નહિં રે આવું,
હે…નહિં આવું હો નંદજીના લાલ રે….વૈકુંઠ.
દેખીને રે'વું મારે ટગ મગ જોવું,
હે મારે નહિં ખાવું ને નહીં પીવું….હો નંદજીના લાલ.
વનરા તે વનમાં આવજો રે ગોરી,
હે…તમે રમજો ને વેણું હું વગાડું;
દઇ દાંડીયાના તાલ, વૈકુંઠ નહિં રે આવું…
સાસુ ને સસરા મારા ઘરમાં છે ભૂંડા,
હે મારી નણંદલ છે બહુ રે નઠારી… હો નંદજીના લાલ.
જમુનાનો આરો ને ગોકળીયું ગામ રે,
હે…એની જોડ જગે હું કયાંથી લાવું
વરસાવો તમે વહાલ, વૈકુંઠ નહિં રે આવું…હો…